"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૦૮/૦૬/૨૦૧૬
સુરત

તંત્રી શ્રી, ______________________

જાહેર નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાલા, પ્રમુખ

---

## રાજપૂત સમાજના બ્રેનડેડ કાશીબેન વલ્લભભાઈ લક્કડના પરિવારે કિડની, લીવર અને ચક્ષુઓનું દાન કરી બે વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી દ્રષ્ટિ આપી.

નામ: કાશીબેન વલ્લભભાઈ લક્કડ ઉ. વ. ૫૭ બ્લડ ગ્રુપ B+

રહેવાસી: ૫૪૨, વિશાલ સોસાયટી, વિભાગ-૧, હીરાબાગની સામે, વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: રતનપરડા, તા. પાલીતાણા, જી. ભાવનગર

કૌટુંબિક વિગત : પતિ: સ્વ. વલ્લભભાઈ જેરામભાઈ લક્કડ

(૩ વર્ષ પહેલા હાર્ટ એટેકને કારણે મૃત્યુ પામ્યા હતા)

પુત્રો: ૧. મહેશ વલ્લભભાઈ લક્કડ ઉ. વ. ૨૫

વ્યવસાય: રત્નકલાકાર તરીકે કામ કરે છે.

૨. પ્રકાશ વલ્લભભાઈ લક્કડ ઉ. વ. ૨૩

વ્યવસાય: રત્નકલાકાર તરીકે કામ કરે છે.

પુત્રીઓ: ૧. મીનુ ભીખાભાઈ પરમાર ઉ. વ. ૩૦

૨. લાડુ જે. રાઠોડ ઉ. વ. ૨૮

૩. કૈલાશબેન ઉ. વ. ૨૨

૪. મમતા પરેશભાઈ ચૌહાણ ઉ. વ. ૧૯

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98741 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

" Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E 7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

શુક્રવાર તા. ૩ જુન, ૨૦૧૬ના રોજ મળસ્કે ૪:૦૦ કલાકે કાશીબેનને ચક્કર આવ્યા બાદ ઉલ્ટીઓ થતાં, પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટમાં સવારે ૫:૦૦ કલાકે ડૉ. નિર્તન ભીમાણીની સારવાર હેઠળ તેઓને દાખલ કરવામાં આવ્યા. ત્યાં મગજનો MRI એન્જીઓ કરાવતા, મગજમાં લોહીની ગંઠો જામી ગઈ હોવાનું નિદાન થયું હતું.

સોમવાર તા. ૬ જુન, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. હરેશ માંગુકીયા અને ડૉ. પરેશ ઝાંઝમેરાએ કાશીબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના R.M.O ડૉ. વિશાલ ઠાકરીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનિક સંપર્ક કરી કાશીબેનના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કાશીબેનના પુત્રો મહેશ અને પ્રકાશ, ભાઈ રામજીભાઈ ગોહિલ, વેવાઈ ઈશ્વરભાઈ રાઠોડ અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સભ્યોએ જણાવ્યું કે "અમારુ સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા, નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની બોટાદ, અમદાવાદના રહેવાસી વિજેન્દ્રસિંહ સેંગર ઉ.વ. ૪૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર સુરતના રહેવાસી રૂપલબેન ધવલભાઈ શેઠ ઉ. વ. ૪૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી,ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કાશીબેનના પુત્રો મહેશ અને પ્રકાશ, ભાઈ રામજીભાઈ ગોહિલ, વેવાઈ ઈશ્વરભાઈ રાઠોડ અને સમગ્ર પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીઝીશ્યન ડૉ. હરેશ માંગુકીયા અને ડૉ. પરેશ ઝાંઝમેરા, પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના R.M.O ડૉ. વિશાલ ઠાકરીયા, ડૉ. મિલન મકવાણા, પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજાવટ કરીને શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૫૩ કિડની, ૫૫ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૫ હૃદય અને ૧૩૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૫૪ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.